S.S.C. No. : 55.021
H.S.C. No. : 27.016

# ST. XAVIER'S SCHOOL

SECTOR – 8, CH – 3 CORNER,
GANDHINAGAR – 382 008 (GUJARAT)
PHONE: (079) 23221431

વ્હાલા માતાપિતા,

સરકારશ્રીના આદેશ મુજબ તા.13/02/2021ના ઠરાવ ક્રમાંક નં.112020/192931/ક ભાગ – 1 ના સંદર્ભમાં તમને જણાવવાનું છે કે, તા.18 ફેબ્રુઆરી, ગુરુવારથી ધો.6 થી 8 ના વિદ્યાર્થીઓ સ્કૂલમાં આવે છે. તેમના માટે એસ.ઓ.પી.એસ. સાથે શાળા શરૂ કરવાની યોજના છે. તેથી સેંટ ઝેવિયર્સની પ્રાથમિક શાળા તે મુજબ ફરીથી ખૂલશે.

ધ્યાનમાં રાખવાની બાબતો :-

1. વિદ્યાર્થીઓને માતા-પિતાની લેખિત પરવાનગીથી જ શાળા પરિસરમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે. કૃપા કરીને તમારો જવાબ હા કે ના માં વ્હોટ્સ એપ ગ્રુપમાં તા.16/02/2021, મંગળવાર સવારે 10:00 વાગ્યા સુધીમાં મોકલવા વિનંતી.
2. જે વિદ્યાર્થીઓ શાળાએ આવતા નથી તેમના માટે વિડિયો પાઠ મોકલવાનું ચાલુ રાખેલ છે.
3. વિદ્યાર્થીઓ એક વાર શાળાએ આવે ત્યારે સરકારની માર્ગદર્શિકા મુજબ તેમની આરોગ્યની અને સ્વચ્છતાની જાળવણી જરૂરી છે.
4. નિયમોનું ઉલ્લંઘન કરનાર કિસ્સામાં (એસ.ઓ.પી.) વિદ્યાર્થીઓને ફરીથી શાળામાં આવવાની મંજૂરી આપવામાં આવશે નહીં. શાળાના શિક્ષકોને બાળકોના સ્વાસ્થ્ય અને હિત માટે જુદી જુદી કમિટીમાં વહેંચવામાં આવ્યા છે.
5. મહેરબાની કરીને વાલીઓએ તેમના પાલ્ય સાથે પાણીની બોટલ, સેનિટાઈઝર અને બીજી જરૂરી વસ્તુઓ લઈને જ મોકલવી. કોઈપણ વસ્તુઓની આપ-લે કરી શકાશે નહીં.
6. વિદ્યાર્થીઓને માસ્ક સિવાય શાળામાં પ્રવેશ આપવામાં આવશે નહીં.
7. શાળા ગણવેશ ફરજિયાત છે. તમને ગણવેશ તૈયાર કરવામાં મુશ્કેલી હોય તો અમે તમને દસ દિવસ એટલે કે તા.28 ફેબ્રુઆરી સુધી ફ્રી ડ્રેસ પહેરવાની મંજૂરી આપીએ છીએ.
8. વિદ્યાર્થીઓએ ત્રણ કલાક શાળામાં આવવાનું રહેશે. શાળાનો સમય સવારે 10:30 થી 1:30 સુધીનો રહેશે. શાળા સમય બાદ બાળક પ્રત્યેની શાળાની કોઈ પણ જવાબદારી રહેશે નહીં.
9. વિદ્યાર્થીઓએ 10:30 સુધીમાં શાળામાં હજાર થવાનું રહેશે. તે પહેલા શાળા પરિસરમાં કોઈ વિદ્યાર્થીને આવવાની મંજૂરી નથી.
10. શાળા સમય દરમ્યાન ટૂંકી કે લાંબી કોઈ પણ પ્રકારની રિસેસ રહેશે નહીં.
11. જરૂરિયાત વખતે ફક્ત એક જ વિદ્યાર્થીને શાળા સમય દરમ્યાન વર્ગની બહાર જવાની પરવાનગી આપવામાં આવશે.

ઉપરોક્ત સૂચનોનું પાલન કરવા વિનંતી છે અને તમારા સહયોગની આશા છે.

આભાર,

Principal
St. Xavier's School
Gandhinagar